કલા એટલે અપૂર્ણમાંથી સંપૂર્ણ બનવાનો પ્રયત્ન
- એમ.એફ.હુસેન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૯ | ૨૯ જુલાઇ, ૨૦૧૩, સોમવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હવે ગાંધીનગરમાં ગ્રામ વિકાસનો રાષ્ટ્રીય સેમિનાર

## મહાત્મા મંદિરમાં પંચાયતી રાજના સુદ્દઢીકરણ અને ગ્રામ વિકાસ અંગે રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર અંગે જોરશોરથી આરંભાયેલ તૈયારીઓ

ગાંધીનગર, તા. ૨૮

શહેરી વિકાસ અંગેના સેમિનારની સફળતા બાદ હવે રાજય સરકાર દ્વારા પંચાયતી રાજ અને ગ્રામ વિકાસને લઈ ઓગષ્ટમાં એક રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર મહાત્મા મંદિર ખાતે યોજવાની દિશામાં આગળ વધી રહી છે.

મળતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિર ખાતે યોજાનારો આ રાષ્ટ્રીય સેમિનાર ૧૭મી ઓગષ્ટની આસપાસ યોજાશે. જેમાં પંચાયતી રાજના સુદ્દઢકીરણ તેમજ ગ્રામ વિકાસની દિશામાં લેવાયેલા પગલાંઓ અંગેની સફળતાનું પ્રદર્શન તેમજ રાષ્ટ્રીય સ્તરનો એક પરિસંવાદ યોજાશે.

સપ્ટેમ્બરમાં યોજાનાર એગ્રો સમીટ પૂર્વે અ ાસેમિનાર અત્યંત મહત્વનો પુરવાર થશે એટલું જ નહિ આ સેમિનારના માધ્યમ થકી રાજયમાં એક નવી રાજકીય ચેતનાનો સંચાર થશે તેમ મનાઈ રહ્યું છે.

૧૭મી ઓગષ્ટના રોજ યોજાનાર આ રાષ્ટ્રીય સ્તરના સેમિનારના આયોજન રાજયના મુખ્ય સચિવશ્રી ડૉ. વરેશ સિંહાના સીધા માર્ગદર્શન તળે થઈ રહ્યું છે.

રાષ્ટ્રીય સ્તરના આ સેમિનારમાં પંચાયતી રાજના સુદ્દઢીકરણ માટે ગુજરાત મોડેલ રજુ કરવાની સાથે સાથે રૂર્બન પ્રોજેકટના અમલીકરણ દ્વારા સરકાર દ્વારા શહેરીકરણને નાથવાની દિશામાં લેવાયેલા પગલાંઓની જાણકારી આપવાનો હેતુ છે.

પંચાયત વિભાગ દ્વારા આયોજન અને તૈયારીઓની આખી બ્લુ પ્રિન્ટ આખરી કરી દેવામાં આવી છે. આ માટે વિવિધ રાજયોના પંચાયત વિભાગના અધિકારીઓને આમંત્રણ પણ આપવાની કાર્યવાહી પણ આરંભી દીધી છે.

આ સેમિનાર ને લઈ એક વિશાળ પ્રદર્શન પણ યોજવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં ગ્રામ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓની સાથે સાથે કૃષિ વિકાસ માટે લેવાયેલા પગલાંઓ અને સફળતાઓ રજુ કરવામાં આવનાર છે. પંચાયતી રાજના સુદ્દઢીકરણ માટે લેવાયેલા પગલાંની વિગતો પણ આ પ્રદર્શનમાં રજુ કરવામાં આવનાર છે.

ઓગષ્ટ માસ બાદ રાજયના મુખ્યમંત્રીશ્રી મોદી રાષ્ટ્રીય પ્રવાસમાં વ્યસ્ત થવાના છે તેમજ સપ્ટેમ્બરમાં એગ્રો સમીટનું આયોજન કરાયું છે આ બધી સ્થિતિની વચ્ચે યોજાનાર આ સેમિનારમાં સંતુલિત વિકાસ માટે સરકારે કરેલી કાર્યવાહી દર્શાવાશે.

રાજકીય વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે ગુજરાત મોડેલને લઈ છેડેલા વિવાદનો પ્રત્યુત્તર આ રાષ્ટ્રીય સેમિનારના સફળ આયોજનથી અપાશે.

પંચાયતી રાજ વ્યવસ્થામાં સમરસ ગ્રામની કલ્પના, તીર્થ ગામ, પાવન ગામની કલ્પના અને આ બધા માર્ગે ગ્રામીણ વિકાસને મળેલી નવી દિશાએ આજે સૌને વિચારતા કરી મુકયા છે ત્યારે આ સેમિનાર આગામી દિવસોમાં મહત્વનો પુરવાર થશે.



બાસણ ગામ પાસે દીપડાએ દેખા દેતાં જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે. દીપડાએ એક યુવાન ઉપર હૂમલો કર્યાના સમાચાર પણ પ્રાપ્ત થયા છે. સાબરમતી નદીની કોતરોમાં દીપડો જોવા મળ્યાના સમાચાર વર્ષ અગાઉ પણ મળ્યા હતા. પ્રસ્તુત તસવીર દીપડાના પંજાના નિશાનની છે. (તસવીર : વિપુલ ચૌહાણ)

# દિવેલાના વાવેતરમાં વિલંબ

## સતત હળવા વરસાદને લઈ વરાપ ન નીકળતાં દિવેલા ઉત્પાદકો મૂંઝવણમાં : સિઝન મોડી પડશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં સતત હળવા વરસાદને પગલે દિવેલાની ખેતી માટે હજુ વાતાવરણ જામતુ નથી અને દિવેલાની ખેતીમાં વિલંબ થશે તેમ મનાઈ રહ્યું છે.

દિવેલાની ખેતી માટે આમ તો ૨૦મી જુલાઈથી ૧૫ ઓગષ્ટ સુધીનો સમય સારો ગણાતો હોય છે, પરંતુ વરસાદ આ વખતે સતત અને સરસ થઈ રહ્યો છે. હળવા વરસાદના ઝાપટાને કારણે દિવેલાની ખેતી માટે જે વરાપ નીકળવો જોઈએ તેટલો વરાપ ન નીકળતાં દિવેલાના વાવેતર માટે ખેડૂતો હજુ પણ રાહ જોઈ રહ્યા છે.

જિલ્લામાં કપાસ બાદ બીજા ક્રમનું વાવેતર દિવેલાનું થતુ હોય છે. આ વર્ષે પણ દિવેલાનું વાવેતર ૩૦ થી ૩૨ હજાર હેક્ટર થશે તેવો તંત્રનો અંદાજ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા દિવેલાની ખેતી માટે આમ તો ખેડૂતોએ પુરતી તૈયારીઓ કરી દીધી છે. દિવેલા નં. ૭ની ખેતી આ વખતે વધુ થશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં દિવેલાના બિયારણનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

જિલ્લામાં જે રીતે ચોમાસુ જામ્યુ છે તેને લઈ ખેડૂતો હમણાં ગવારની ખેતીમાં વધુ વ્યસ્ત છે. આ ઉપરાંત જુવાર તેમજ જુવાર ઘાસચારાનું વાવેતર વધારે કરી રહ્યા છે.

દિવેલાની ખેતી માટે વરાપ નીકળતાં આ વખતે ૧૫ દિવસ જેટલો વિલંબ થશે તેમ મનાઈ રહ્યું છે. જો આવીને આવી સ્થિતિ ચાલુ રહે તો કપાસની જેમ પણ દિવેલાના વાવેતર વિસ્તારમાં ઘટાડો થાય તેવી શક્યતા પણ જોવા મળી રહી છે.




### વિકાસની કામગીરી પર વિપરીત અસરો...

# ૧૩મા નાણાંપંચનાં ૧૫૦ કામો બે વર્ષથી અધુરા પડ્યાં છે !!!

ગાંધીનગર, તા. ૨૮

૧૩મા નાણાં પંચ દ્વારા હાથ ધરાતા વિકાસના કામોમાં પણ ધીમી ગતિથી નારાજ થયેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટે તાલુકા વિકાસ અધિકારીઓને આડે હાથે લઈ તાત્કાલિક આ કામો પૂર્ણ કરવા જણાવ્યું છે.

ત્રણ વર્ષથી અમલમાં આવેલ ૧૩મા નાણાં પંચના ૧૫૦ જેટલા વિકાસ કામો અધુરા હોવાનુ તેમજ છેલ્લા બે વર્ષથી તે સ્પીલ ઓવર થતા હોવાનું સમીક્ષા દરમ્યાન બહાર આવતાં ચોંકી ઉઠેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રી તંત્ર પર સખ્ત નારાજ થયા હતા.

જિલ્લામાં નાણાંપંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામો જે તે વર્ષમાં જ પુરા કરવામાં આવે તેવો આગ્રહ કરી તેમણે આ કામોને તાત્કાલિક પુરા કરવા જણાવ્યું છે.

૧૩મા નાણાંપંચ દ્વારા વસ્તીના ધોરણે નાણાંની ફાળવણી થતી હોય છે. જિલ્લાને રૂ. સાત કરોડની સહાય દર વર્ષે મળતી હોય છે. તાજેતરમાં જ આ વર્ષની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો રૂ. ૩ કરોડનો મળ્યો છે.

નાણાં પંચના કામો જે અધુરા રહ્યા છે તેમાં તંત્રના ઉદાસીન વલણો, સ્ટાફની અછત, વિવાદ તેમજ અન્ય કારણો જવાબદારો હોવાનું જણાયુ છે. કેટલીક જગ્યાએ જમીનના પ્રશ્નો હોવાનું પણ જાણવા મળેલ છે તો ઈલેક્ટ્રીક બિલની બાકી વસુલાતો પણ કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ બાકી રહેલા ૧૫૦ જેટલા કામોના પ્રગતિ અહેવાલ દર ૧૫ દિવસે મોકલવા માટે તેમણે તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ કરી છે તેમજ તેનું નિયમિત મોનીટરીંગ કરવા જણાવ્યું છે.

જિલ્લામાં આયોજન મંડળના વિકાસના કામોમાં પડતર કામો બાદ હવે ૧૩મા નાણાં પંચમાં પણ ૧૫૦ જેટલા કામો બાકી નીકળતાં જિલ્લામાં વિકાસની કામગીરી સાવ ઠપ્પ થઈ ગઈ હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

# ગાંધીનગર અમદાવાદ વચ્ચે ડ્રાઈવર રહિત મેટ્રો ટ્રેન દોડશે

ગાંધીનગર, તા. ૨૮

વિદેશોમાં સફળ થયેલ ડ્રાઈવર રહિત ટ્રેનનો પ્રયોગ મેટ્રો ટ્રેનમાં કરાશે. દેશની સૌથી પહેલી ડ્રાઈવર રહિત મેટ્રોરેલ સિસ્ટમ ગાંધીનગર-અમદાવાદ મેટ્રોલિંક એક્સપ્રેસમાં હશે. મેગા કંપનીની તાજેતરમાં યોજાયેલી મીટીંગમાં આ અંગેનો રીપોર્ટ રજુ કરાયો હતો.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોટ્રેન શરૂ કરવાના આડેના વિઘ્નો ધીમે ધીમે દૂર થઈ રહ્યા છે. અમદાવાદ અનો ગાંધીનગર રહિશોના સ્વપ્ન સમાન મેટ્રો ટ્રેનની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. મેટ્રો ટ્રેન અંગેના નિર્ણયો ઝડપથી લેવાઈ રહ્યા છે. તાજેતરમાં મળેલી મેગા લિમિટેડ ડિઝાઈન એડવાઈઝરી કમિટીની બેઠકમાં પણ અમુક નિર્ણયો લેવાયા હતા. તેમાં ડ્રાઈવર રહિત ટ્રેનનો પ્રયોગ સામેલ છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ડ્રાઈવર રહિત મેટ્રો ટ્રેનનું સંચાલન અને સમારકામનો ખર્ચ ઓછો થશે. ટ્રેનોના ફેરા વધશે અને યાત્રા વધુ સુરક્ષિત બનશે. ડ્રાઈવર સાથેની મેટ્રો ટ્રેનની સરેરાશ ગતિ ૩૩ કિ.મી. પ્રતિ કલાક હોય છે તે ડ્રાઈવર રહિત મેટ્રોની સરેરાશ ગતિ ૪૫ કિ.મી. પ્રતિ કલાક હોય છે. આ મુદ્દા ઉપરાંત બેઠકમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રોલિંગ સ્ટ્રોક, ટ્રેકશન ગેજ, કોમ્યુનિકેશન, સ્ટેશન, પુલોનું નિર્માણ અને ટિકિટિંગ સહિતના કેટલાક મુદ્દાઓ ઉપર વિશેષ ચર્ચા થઈ હતી.

# વિભાગોના સચિવોને હવે મહિનામાં બે વાર છેવાડાના સ્થળોની મુલાકાત લેવી પડશે

ગાંધીનગર, તા. ૨૮

વિવિધ વિભાગોને લગતી યોજનાઓનું અમીલકરણ છેવાડના સ્થળ સુધી થાય છે કે નહી તે અંગે જાણકારી મેળવવા પ્રભારી સચિવોને છેવાડાના સ્થળોની મહિનામાં બે વખત મુલાકાત લેવા સૂચના આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેવાડાના માનવીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. આ ઉપરાંત આંતર માળખાકીય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવા માટે વિકાસ કામો વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવે છે.

રાજ્યના છેવાડાના સ્થળોએ સરકારના વિવિધ વિભાગોની યોજનાઓ પ્રવૃત્તિઓની કામગીરી હાથ ધરાઈ છે કે નહી, યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય છે કે નહી, લાભાર્થીઓને લાભ મળે છે કે નહી તે જોવા માટે કોઈ કાયમી વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલુ નથી.

આ બાબત અંગે રાજ્ય સરકારે ચિંતા વ્યક્ત કરીને રાજ્યના છેવાડાના સ્થળોએ લોકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે, યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય અને સમયસર પ્રવૃત્તિઓની કામગીરી થાય તે માટે હવે મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આ નિર્ણયના પગલે હવે રાજ્ય સરકારે તમામ વિભાગોના સચિવોને એવી સૂચના આપવામાં આવી છે કે રાજ્ય જ્યાં તેમના વિભાગને લગતી યોજનાઓ અમલી હોય તેવા છેવાડાના સ્થળની મહિનામાં ઓછામાં ઓછુ બે વખત મુલાકાત લઈને યોજનાઓના અમલીકરણ અંગેની કામગીરીની સમીક્ષા કરવી અને આ અંગેનો પ્રગતિ અહેવાલ સરકારને આપવો.







